# ધ્રોલના લતીપર ગામ પાસે કાર પલટી ખાઈ જતાં ત્રણનાં મોત, બેને ઈજા



જામનગર, તા.૧૬

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામ પાસે ગઈકાલે રાત્રે બે વાગ્યે એક કાર તેના ચાલકની બેદરકારીના કારણે પલટી મારી જતાં કારની પાછળની સીટોમાં બેઠેલા જામનગરના બે યુવાનો તથા લતીપુર-લાલપુરના એક યુવાન સહિત ત્રણના અંતરિયાળ મૃત્યુ નીપજ્યા હતા. જ્યારે આગળ બેઠેલાં કાર ચાલક સહિત બેને ઈજા થઈ છે. જેને જામનગરની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે.

અકસ્માતના બનાવની વિગત એવી છે કે ધ્રોલ તાલુકાના લતીપર ગામમાં રહેતા હર્નિશ રાજેશભાઈ ચભાડીયા કે જેના પરિવારમાં કૌટુંબિક દીકરા દીકરી ના લગ્ન યોજાયા હોવાથી જે લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે જામનગરમાં શિવ નગર શેરી નંબર ૪માં રહેતા ધર્મેન્દ્રસિંહ રામદેવસિંહ ઝાલા (૨૯ વર્ષ), મૂળ લતીપર-લાલપુર ના વતની અને હાલ રાજકોટ રહેતા રીશી મુકેશભાઈ ચભાડીયા (૧૯ વર્ષ) તેમજ જામનગરમાં શ્રીજી હોલ પાસે રહેતા વિવેક દિનેશભાઈ પરમાર(૨૩ વર્ષ) કે જેઓ લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે પહોંચ્યા હતા, તેમજ જામનગર તાલુકાના વિવાપર ગામના વતની જસ્મીન વિઠ્ઠલભાઈ પણસારા (૧૯ વર્ષ) તથા હરનીશ રાજેશભાઈ (૨૫ વર્ષ) કે જેઓ પાંચેય ગઈકાલે રાત્રે એક કારમાં બેસીને ધ્રોળ ચા પાણી નાસ્તો કરવા માટે ગયા હતા, અને ત્યાંથી રાત્રિના બે વાગ્યે પરત ફરી રહ્યા હતા.

જે દરમિયાન લતિપર ગામના પાટીયા પાસે જી.જે. ૩૬ એ.સી. ૪૯૫૭ નંબર ની કારના ચાલક જસ્મીન પણસારાની બેદરકારીના કારણે કાર પલટી મારી ગઈ હતી, અને રોડથી નીચે ઉતરીને ચાર પાંચ ગડથોલીયા ખાઈ ગઈ હતી. જે અકસ્માતમાં કારનું પડીકુ વળી ગયું હતું,

જેથી પાછળની સીટમાં બેઠેલા રીસી મુકેશભાઈ, વિવેકભાઈ પરમાર તેમજ ધર્મેન્દ્રસિંહ ઝાલા કે જે ત્રણેય ગંભીર ઈજા થવાથી ત્રણેયના ઘટના સ્થળે જ કમ કમાટી ભર્યા મૃત્યુ નીપજ્યા હતા. જ્યારે જસ્મીન વિઠ્ઠલભાઈ તેમજ હર્નિશ રાજેશભાઈ કે જે બંનેને ઈજા થઈ હોવાથી સારવાર માટે જામનગરની ઓશવાળ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

સમગ્ર મામલાની જાણ થતાં ધ્રોલ પોલીસની ટુકડી બનાવના સ્થળે તેમજ જામનગરની ઓસવાળ હોસ્પિટલમાં દોડી ગઈ હતી, અને અકસ્માતના બનાવ અંગે ફરીયાદ નોંધી છે, તેમજ ત્રણેય મૃતકોના મૃતદેહોનો કબજો સંભાળી ધ્રોળની સરકારી હોસ્પિટલમાં તમામના પોસ્ટમોર્ટમ કરાવાયા હતા.

આ અકસ્માતના બનાવને લઈને લતીપરના પરિવારમાં ભારે માતમ છવાયો છે, અને આજે બાકીની લગ્નવિધિ સાદાઈથી આટોપી લેવામાં આવી રહી છે.

# અંકલેશ્વર નોબલ માર્કેટ નજીકથી પાઈપના શંકાસ્પદ જથ્થા સાથે બેની ધરપકડ




(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૧૬

ભરૂચ એસ.ઓ.જી.એ અંકલેશ્વરના નોબલ માર્કેટમાં રોશની સ્ટેટ પાસેથી શંકાસ્પદ એસ.એસ.ની પાઈપોના જથ્થા સાથે બે ઈસમોને રૂા.૬.૬૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ એસ.ઓ.જીના પી.આઈ એ.એ.ચૌધરી અને પી.આઈ એ.એચ. છૈયાના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.ની ટીમ અંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે બોલેરો પીકઅપ ગાડીમાં શંકાસ્પદ એસ.એસ.ની પાઈપો ભરી વાલીયા ચોકડી તરફથી જથ્થો નોબલ માર્કેટમાં આવનાર છે. બાતમીના આધારે પોલીસે નોબલ માર્કેટમાં રોશની સ્ટેટ પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન બાતમી વાળી બોલેરો પીકઅપ ગાડી આવતા પોલીસે તેને અટકાવી તેમાં તપાસ કરતા ૮૦૦ કિલોગ્રામ એસ.એસ.ની પાઈપો મળી આવી હતી. પોલીસે પીકઅપ ગાડીમાં સવાર બે ઈસમોને એસ.એસ.ની પાઈપો અંગે જરૂરી દસ્તાવેજો માંગતા તેઓએ સંતોષકારક જવાબ નહી આપતા પોલીસે શંકાસ્પદ જથ્થો અને ગાડી મળી કુલ ૬.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કરી અંસાર માર્કેટની મદીના મસ્જિદ પાસે રહેતો રીઝવાન બકરીદી ખાન અને ઈસ્લામ અબ્દુલક્યુમ ખાનની શંકાસ્પદ હાલતમાં અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કેશોદ તાલુકાની યુવતી સાથે લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરનાર યુવક સામે ફરિયાદ

## બે વર્ષ પહેલા લોકરક્ષક પરીક્ષા દરમ્યાન બંને વચ્ચે મુલાકાત બાદ પ્રેમ સંબંધ બંધાયો હતો. જેમાં બે વર્ષ સુધી શારીરિક શોષણ બાદ લગ્ન કરવાની ના પાડી હતી

જૂનાગઢ, તા.૧૬

કેશોદ તાલુકાના એક ગામમાં લગ્નની લાલચ આપી ૨૧ વર્ષીય યુવતી સાથે યુવકે વારંવાર દુષ્કર્મ આચર્યુ હતું. લોકરક્ષક પરીક્ષા દરમિયાન બન્નો વચ્ચે મુલાકાત થઈ હતી. જે બાદ પ્રેમ સંબંધ બંધાયો હતો. યુવકે લગ્નની લાલચ આપી ૨ વર્ષ સુધી શારીરિક શોષણ કર્યા બાદ અંતે લગ્નની ના પાડી દીધી હતી. જેથી યુવક વિરૂદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધવામાં આવી છે.

બે વર્ષ પહેલા ભાવનગરમાં લોકરક્ષક પરીક્ષા દરમિયાન યુવક અને યુવતી વચ્ચે મુલાકાત થઈ હતી. જે બાદ મિત્રતા ગાઢ બનતા બન્ને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. યુવતી શાળામાં નોકરી કરતી હતી, જેની જાણ થતાં યુવક તેની સાથે વારંવાર મુલાકાત કરતો હતો. આરોપીએ યુવતીને લગ્નની ખાતરી આપી અને તેના માતા-પિતાને પણ મળવા લઈ ગયો હતો. સમય જતાં બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. જે બાદ આરોપીએ યુવતી સાથે વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. આજથી એક મહિના પહેલા આરોપીના માતા-પિતાએ સગાઈની વાત પણ કરી હતી પરંતુ જ્યારે લગ્નની વાત આવી ત્યારે આરોપી અને તેના પરિવારે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. આ સમગ્ર ઘટનામાં યુવતીનું શારીરિક અને માનસિક શોષણ થયું હોવાથી તેણે આરોપી અજિત ડાંગર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

### જામનગર નજીક દરેડમાં રહેતો

# પરપ્રાંતીય યુવાન મારામારીમાં ઈજાગ્રસ્ત થયા બાદ વતનમાં સારવાર વેળા મૃત્યુ પામ્યો

## મધ્યપ્રદેશ પોલીસે પી.એમ. કરીને કાગળ જામનગર મોકલતા પોલીસ દ્વારા તપાસ શરૂ

જામનગર, તા.૧૬

મૂળ મધ્યપ્રદેશનો વતની અને જામનગરના દરેડ વિસ્તારમાં રહીને મજૂરી કામ કરતો એક પરપ્રાંતિય યુવાન કે જે ગત વર્ષે નવેમ્બર માસમાં મારામારીના કેસમાં ઈજાગ્રસ્ત બન્યો હોવાનું જણાવીને જામનગરની જી.જી. હોસ્પિટલમાંથી સારવાર લઈ પોતાના વતનમાં ચાલ્યો ગયો હતો, ત્યાં સારવાર બાદ તેનું મૃત્યુ થયું હતું, જેના મૃતદેહના પોસ્ટમોટમ સહિતના મધ્યપ્રદેશ પોલીસે કાગળો જામનગર મોકલ્યા હતા, અને પંચકોસી બી. ડિવિઝન પોલીસ દ્વારા સમગ્ર મામલાની તપાસ ચલાવવામાં આવી રહી છે.

આ બનાવની વિગત એવી છે કે મધ્યપ્રદેશ ના બંડા જિલ્લાના બરખેડા ગામનો વતની સત્યવ્રત ઉર્ફે સત્યમ વિજયભાઈ મિશ્રા નામનો યુવાન કે જે ગત ૨૨.૧૧.૨૦૨૪ના રાત્રિના સમયે જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે આવ્યો હતો, અને તેને મારામારીમાં ઈજા થઈ હોવાનું જણાવ્યું હતું.

જેને સારવાર ચાલી હતી, દરમિયાન પોતે વતનમાં ચાલ્યો ગયો હતો. ત્યાર બાદ વતનમાં પણ ફરીથી માથામાં દુખાવો થતા હોસ્પિટલમાં દાખલ થયો હતો અને તેનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. જેનું મધ્યપ્રદેશ પોલીસે પોસ્ટમોર્ટમ કરાવીને તેના કાગળો જામનગરના પંચકોષી બી. ડિવિઝન તરફ મોકલી આપ્યા હતા. ઉપરાંત મૃતક સત્ય વ્રતના પિતા વિજય બાલમુકુંદ મિશ્રાએ જામનગર આવીને પોલીસ સમક્ષ એવો આક્ષેપ કર્યો હતો, કે પોતાના પુત્રને મારામારીમાં ઈજા થઈ છે. જે સમગ્ર રજૂઆત અને કેસની તપાસના અર્થે પંચકોસી બી. ડિવિઝનના પી. આઈ. વી.જે. રાઠોડ અને તેમની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે, અને દરેડ વિસ્તારમાં મારામારીનો બનાવ ક્યાં બન્યો હતો, તે વિગતો જાણવા માટે ની કવાયત શરૂ કરી છે. જ્યારે એક ટુકડી વધુ તપાસ અર્થે મૃતકના વતન મધ્યપ્રદેશ પણ જઈ રહી છે.

# ઉત્તરાયણમાં સરથાણા નેચર પાર્ક ૨૩,૯૬૦ મુલાકાતીઓથી ઊભરાયું

## સુરત પાલિકાને રૂા.૮.૮૬ લાખની આવક થઈ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

સુરતમાં પતંગ અને આતશબાજી સાથે ઉતરાયણની રમઝટ વચ્ચે મોટી સંખ્યામાં સુરતીઓ પાલિકાના સરથાણા નેચર પાર્કમાં પહોંચી ગયા હતા. વીકએન્ડ કરતાં પણ ત્રણ ગણાથી વધુ મુલાકાતીઓ આવતા સરથાણા નેચર પાર્ક હાઉસ ફુલ થઈ ગયું હતું. મંગળવારે જ દિવસમાં સુરત પાલિકાના સરથાણા નેચર પાર્કમાં ૨૪ હજાર જેટલા મુલાકાતીઓ આવતા પાલિકાને રૂા.૮.૮૬ લાખની આવક થઈ હતી. સુરત પાલિકા સુરત કામરેજ રોડ પર તાપી નદી કિનારે ૮૧ એકરમાં ગુજરાતનું સૌથી મોટું પ્રાણી સંગ્રહાલય બનાવ્યું છે. આ નેચરપાર્ક આમ તો વેકેશન દરમિયાન હાઉસફુલ હોય છે. જોકે, મંગળવારથી શુક્રવારની વચ્ચે રોજના અંદાજે એકથી દોઢ હજાર મુલાકાતીઓ આવે છે. જ્યારે વીક એન્ડમાં શનિ-રવિ વારે પાંચ હજારની આસપાસ મુલાકાતીઓ આવતા હોય છે. પરંતુ મંગળવારે વીકએન્ડ કરતાં ચાર ગણા મુલાકાતીઓ આવતા પાલિકાનું નેચર પાર્ક હાઉસ ફુલ થઈ ગયું હતું. છેલ્લા કેટલાક વખતથી સુરતીઓ માટે રજાના દિવસોમાં સરથાણા નેચર પાર્ક હોટ ફેવરિટ બની રહ્યું છે. તેમાં પણ દિવાળી અને ઉનાળુ વેકેશનમાં સુરતીઓ નેચર પાર્કમાં ઉમટી પડતા હોય નેચર પાર્કના સમયમાં વધારો કરવો પડે છે. જોકે, સુરતીઓનો પોતિકો ઉતરાયણનો હોવા છતાં સુરતીઓ વેકેશનનો માહોલ હોય તેમ સરથાણા નેચર પાર્કમાં પહોંચી ગયા હતા. ઉતરાયણના દિવસ દરમિયાન સરથાણા નેચર પાર્કમાં ૨૩,૯૬૦ મુલાકાતીઓ આવ્યા હતા. આ મુલાકાતીઓએ ટિકિટ ખરીદી તેના કારણે પાલિકાને ૮.૮૬ લાખ રૂપિયાની આવક થઈ હતી.

# અંકલેશ્વર પંથકમાં ઉત્તરાયણ પર્વની ઉજવણી



અંકલેશ્વરમાં આકાશી યુદ્ધના પર્વ ઉત્તરાયણમાં પતંગ રસિયાઓએ હર્ષોલ્લાસભેર ઉજવણી કરી હતી. ઉત્તરાયણ પર્વને લઈ વહેલી સવારથી શહેરીજનો અને તાલુકા વાસીઓ ધાબા ઉપર ચઢી ગયા હતા અને અબાલ વૃદ્ધ સૌ કોઈએ પતંગો ઉડાવી રહયા હતા. અમુક લોકો સવારના સમયે પતંગની કિન્ના બાંધીને પર્વની તૈયારીઓમાં લાગી ગયા હતા. તો કેટલાકે રાતથી જ તૈયારીઓ કરી દીધી હતી. અમુક ઘરની મહિલાઓ ઊંધિયા, જલેબી સહિતની રસોઈ બનાવવામાં જોતરાઈ ગયા હતા. (તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

# અંકલેશ્વરની ઈકરા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરાયું



અંકલેશ્વર, તા. ૧૬

અંકલેશ્વરની ઈકરા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ પ્રાયમરી વિભાગ ખાતે આજરોજ વિદ્યાર્થીઓમાં ખેલકૂદનું મહત્વ સમજાય અને ખેલદિલીની ભાવના વિકસે તે હેતુસર શાળામાં વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાયમરી વિભાગના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો, જેમાં વોલીબોલ, કબડ્ડી, ખો-ખો, લાંબીદોડ, રસ્સાખેંચ સહિતની વિવિધ રમતો રમાઈ હતી. આ સમગ્ર કાર્યક્રમ શાળાના પ્રમુખ મૌલાના સુલેમાન ભૈયાત, જો. સેક્રેટરી ઉસ્માનખાન, સિનિયર ટ્રસ્ટી એસ.ડી. પટેલ સહિત શાળાના શિક્ષકોના હસ્તે વિદ્યાર્થીઓને મેડલ તેમજ સર્ટિફિકેટ એનાયત કરાયા હતા. આ રમતોત્સવનું આયોજન શાળાના પ્રિન્સિપાલ આરઝુ મેડમ તથા શિક્ષકો દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું (તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

# ડીસા નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખે ચાર્જ સંભાળ્યો



( તસવીર : જમીલ મેમણ, ડીસા )

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૧૬

ડીસા નગરપાલિકાના પ્રમુખ તરીકે નવનિયુક્ત થયેલા નીતાબેન નિલેશભાઈ ઠક્કરે આજે વિધિવત રીતે પોતાનો ચાર્જ સંભાળ્યો હતો. ડીસા નગરપાલિકામાં ગત ચૂંટણી બાદ અઢી વર્ષની બીજી મુદ્દત માટે મહિલા પ્રમુખ તરીકે અગાઉ સંગીતાબેન દવેને નિયુક્ત કરાયા હતા. પરંતુ ભાજપમાં ચાલી રહેલા આંતરિક વિખવાદને કારણે સંગીતાબેન દવેને રાજીનામું આપવાની ફરજ પડી હતી. ત્યારબાદ ભાજપ મોવડી મંડળ દ્વારા એકાદ માસ માટે ઈન્ચાર્જ પ્રમુખ તરીકે હાલના ઉપપ્રમુખ શૈલેષભાઈ રાયગોરને ચાર્જ સોંપવામાં આવ્યો હતો. જ્યારે પ્રમુખ તરીકે બાકી રહેતા સમયગાળા માટે પ્રમુખ તરીકે વોર્ડ નંબર ૪ના ભાજપના કોર્પોરેટર નીતાબેન નિલેશભાઈ ઠક્કરની સર્વ સંમતિથી બિનહરીફ નિયુક્તિ કરાઈ હતી. ત્યારે નીતાબેન નિલેશભાઈ ઠક્કરે આજે વિધિવત રીતે પોતાનો પ્રમુખ પદનો ચાર્જ ગ્રહણ કર્યો હતો. તેઓ ચાર્જ ગ્રહણ કરવા આવ્યા ત્યારે પાલિકા કમ્પાઉન્ડમાં તેઓનું વાજતે ગાજતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાજપના નેતાઓ, પદાધિકારીઓ, પાલિકાના કોર્પોરેટરો, શહેરના અગ્રગણ્ય વેપારીઓ, કાર્યકરો તેમજ લોહાણા સમાજના ભાઈ બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવનિયુક્ત પ્રમુખને અભિનંદન પાઠવ્યા હતા. પ્રમુખ નીતાબેને સૌનું અભિવાદન ઝીલી શહેરમાં સ્વચ્છતા અને વિકાસના કામો અગ્રતાના ધોરણે કરવાની ખાતરી આપી ભાજપ મોવડી મંડળ તેમજ સંગઠનના પદાધિકારીઓ, કોર્પોરેટરો, કાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ધોળકામાં જશ્ને વિલાદતે હઝરત ઈમામ અલી (રદી.)ની ઉજવણી કરવામાં આવી



ધોળકા, તા.૧૬

તારીખ-૧૪/૧/૨૦૨૫ને મંગળવાર ૧૩મી રજબના રોજ હઝરત ઈમામ અલી (રદી.)ની વિલાદતના મોકા પર મોમીન શિઆ ઈશના અશરી જમાત ધોળકા તરફથી એક શાનદાર જુલુસનું આયોજન કરવામાં આવેલ હતું. આ જુલૂસ કાજીટેકરા હૈદરી મદ્રેસાથી નીકળ્યું હતું. આ જુલૂસ તેના નિર્ધારિત રૂટ બુરૂજ રોડ, ટાવર બજાર, મોહંમદી સ્કૂલ, વેજલપુર ગોલવાડ, નવી નગરપાલિકા, અટલસવર થઈ લીલજપુર હુસેની ચોક મુકામે પૂર્ણ હતું. આ જુલૂસમાં મોટી સંખ્યામાં મોમીન ભાઈઓએ હાજરી આપી હતી. આ જુલૂસમાં નાત શરીફ, કશિદા વગેરે પઢવામાં આવેલ હતા.

# ડભોઈમાં મૌલા અલી (રદી.)ના જન્મ દિવસ નિમિત્તે માર્ગો પર જુલૂસ નીકળ્યું



ડભોઈ, તા.૧૬

સમગ્ર વિશ્વમાં ઉજવાતા મુસ્લિમ ચાંદ ૧૩માં રજબના રોજ મૌલા અલીશેરે ખુદાના વિલાદત (જન્મદિન) પ્રસંગે ડભોઈ શહેરમાં પણ મહેતા પાક કડીયાવાડ ખાતેથી મૌલા અલી શેરે ખુદાના નારા સાથે મુસ્લિમ બિરાદરો દ્વારા જુલૂસ કાઢી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાને હુસેની કાદરી કમિટી મહેતા પાર્ક સૈયદ બડામીયા ડભોઈ ખાતેથી સૈયદ મુખ્તયાર બાપુ સૈયદ તાહીર હુસેન બાપુના નેજા હેઠળ મોલા અલી શેરે ખુદાના વિલાદત જન્મદિન પ્રસંગે ભવ્ય જુલૂસ કાઢવામાં આવ્યું હતું. હાથમાં અલી હુસેન હસનના ઝંડા સાથે અલી અલી મૌલા અલીના નારા સાથે શહેરના કડિયા વાડ તળાવપુરા લાલ બજાર ટાવર છીપવાડ બજાર થઈ કાજીવાડા જુલૂસ સમાપન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે સૈયદ સાદાતો સહિત મુસ્લિમ આગેવાનો હાજર રહ્યા હતા.

# નવસારી ખાતે શાળાનો સાંસ્કૃતિક કાર્યક્રમ 'પરવાહ' રજૂ કરાયો




નવસારી, તા.૧૬

વિદ્યાર્થીઓના સર્વાંગી ઘડતર માટે સદાય કાર્યરત એવી બાઈ નવાજબાઈ તાતા ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ, નવસારીનો સાંસ્કૃતિક કાર્યક્રમ 'પરવાહ' ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ના સોમવારે બપોરે જે.એન.તાતા મેમોરિયલ હોલ, નવસારી ખાતે યોજાયો હતો. જેની થીમ હતી - 'સમગ્ર સૃષ્ટિની પરવાહ'. શાળાના આચાર્ય હિતેષભાઈ પારેખ અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ સૌ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પોતાની સર્વશક્તિનો ઉપયોગ કરી ઉત્કૃષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.

સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત 'રાષ્ટ્રગીત વંદે માતરમ્' દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું શીર્ષક 'પરવાહ'નો પરિચય આપતું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં આ સૃષ્ટિના તમામ તત્વો જેવા કે પાણી, વીજળી, વૃક્ષોની જાળવણી, પ્લાસ્ટિકના ઉપયોગથી થતું નુકશાન, આપણાં કુટુંબીજનોની કાળજી વગેરે જેવા મહત્વના મુદ્દા હતા. આમંત્રિત મુખ્ય મહેમાન અને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના હસ્તકે ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય પુરસ્કારથી પુરસ્કૃત એવા વક્તા હરચંદ ચૌહાણ, રૉટરી ક્લબ ઑફ વલસાડના પ્રમુખ અને મુખ્ય વક્તા ડૉ. દિપેશભાઈ શાહ, સયાજી વૈભવ સાર્વજનિક લાયબ્રેરીના પ્રમુખ અને મહેમાન પ્રશાંતભાઈ પારેખ, આમંત્રિત મહેમાન નવસારી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, નવસારી સહાયક શિક્ષણ નિરીક્ષક રોહનભાઈ ટંડેલ તેમજ આસિફભાઈ બરોડાવાળાના હસ્તે દીપ પ્રાગટ્ય થયું.

સદર શાળાના આચાર્ય હિતેષભાઈ પારેખ દ્વારા પુષ્પગુચ્છ તેમજ સ્મૃતિભેટથી અતિથિશ્રીઓનું સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિક્ષકોને પણ તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમ શાળાના આચાર્ય હિતેષભાઈ પારેખના માર્ગદર્શન, શિક્ષકોના વ્યવસ્થાપન, વિદ્યાર્થીઓની અથાક મહેનત તેમજ બિન-શૈક્ષણિક કર્મચારીઓના નિષ્ઠાપૂર્વકના સહયોગથી સફળ રીતે સંપન્ન થયો અને અવિસ્મરણીય બની રહ્યો.

# હથુરણ ખાતે મદ્રેસા પ્રાથમિક શાળામાં સિલ્વર જ્યુબિલી કાર્યક્રમ યોજાયો



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૧૬

માંગરોળ તાલુકાની હથુરણ ગામે આવેલ મદ્રેસા શૌકતુલ ઈસ્લામ ટ્રસ્ટ સંચાલિત મદ્રેસા પ્રાથમિક શાળાને ૨૫ વર્ષ પૂર્ણ થતા સિલ્વર જયુબિલી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિદેશથી અને ગામના, તેમજ આજુબાજુના અન્ય પધારેલા મુખ્ય મહેમાનોને શાલ તેમજ પુષ્પગુચ્છથી સન્માનિત કરવામાં આવ્યા હતા. અંકલેશ્વરના નિવૃત્ત શિક્ષિકા મોહસીનાબેન પઠાણને મોમેન્ટો આપી એમની શિક્ષણ સેવાને બિરદાવવામાં આવી હતી. ગામના ડે.સરપંચ અબ્બાસભાઈ બોડી એ દરેક શિક્ષકોને પગાર સ્વરૂપે ૧ (એક) વર્ષ માટે ૨૦૦૦ રૂા.આપવાનું વચન આપ્યું. આ કાર્યક્રમમાં પ્રમુખ ઈકબાલભાઈ મુલ્લા, ઈબ્રાહીમભાઈ ભૈયાત, જાવીદભાઈ કરોડિયા અને મુફ્તી ઈમરાન કોસમડીવાળા એ વકતવ્ય રજુ કરી શાળાની પ્રગતિ અંગે પધારેલા મહેમાનોને વાકેફ કર્યા. કાર્યક્રમનું સફળ સંચાલન જિજ્ઞાસાબેન વાસંદિયા, ઝરીનાબેન પટેલ અને આરેફાબેન બક્ષા એ કર્યુ હતું. સિલ્વર જયુબિલીમાં શાળાના આચાર્ય સુલેમાન જાંગડા અને અનુભવી શિક્ષિકા અસ્માબેન બોડીની આવેલ મહેમાનોએ સવિશેષ નોંધ લઈ અભિનંદન પાઠવ્યા હતા. અંતે શાળાની પ્રગતિનું અહેવાલો રજુ કરતું પુસ્તકનું વિમોચન અબ્બાસભાઈ બોડીના હસ્તે કરવામાં આવ્યું હતું.

### બોડેલી ખાતે શાળાના વાર્ષિક ઉત્સવ ઈનામ વિતરણ સમારોહ વેળા

# સૃષ્ટિના દરેક માનવ સમાજ પ્રત્યે પ્રેમ, આદર, લાગણી દર્શાવી ખરા અર્થમાં માનવી થવા લોખંડવાલાનું આહ્વાન

### શાળાની નવીનીકરણ ઈમારતનું શફી લોખંડવાલાના હસ્તે ઉદ્‌ઘાટન



(તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)

બોડેલી, તા.૧૬

શિક્ષણ ટેક્નોલોજી અને વ્યવસાયિક ક્ષેત્રોમાં પ્રગતિ કરી સૃષ્ટિના દરેક માનવ સમાજ પ્રત્યે પ્રેમ,આદર, લાગણી દર્શાવી ખરા અર્થમાં માનવી થવા શફીભાઈ લોખંડવાલાએ આજરોજ બોડેલી ખાતે શાળાના વાર્ષિક ઉત્સવ ઈનામ વિતરણ સમારોહ વેળા ઉપસ્થિત વિદ્યાર્થીઓના વાલીઓને આહ્‌વાન કર્યું હતું. બોડેલી એમ.ડી.આઈ પ્રા.શાળા અને ખત્રી વિદ્યાલયમાં વાર્ષિક ઉત્સવ ઈનામ વિતરણ સમારોહ યોજાયો. વર્ષ ૨૦૨૪–૨૫ના વાર્ષિક ઉત્સવ, ઈનામ વિતરણ, સમારંભ સહિત શાળાની નવી બિલ્ડિંગના શુભારંભ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી. જેમાં મુખ્ય મહેમાન શફીભાઈ લોખંડવાલા અમેરિકા નિવાસીની અધ્યક્ષતામાં થયો હતો. શાળાનું શાળાના પ્રમુખ મંત્રી દ્વારા મહેમાન શફી લોખંડવાલાનું શાલ ઓઢાડી, મોમેન્ટો આપી તથા તેમની સિદ્ધિઓથી ગૌરવાન્વિત થઈ સન્માન પત્ર દ્વારા સન્માનિત કર્યા હતા. ત્યારે શાળાના આચાર્ય યુ.વાય.ટપલા દ્વારા સ્વાગત પ્રવચન દ્વારા મહેમાનને આવકારી ઉપસ્થિત વાલીને પોતાના બાળકના શિક્ષણ પ્રત્યે સભાન રહેવા આહ્‌વાન કર્યું હતું. આ ઉત્સવના પ્રારંભમાં એમડીઆઈ પ્રાથમિક શાળાના નાના નાના ભૂલકાઓએ સર્જનાત્મકતા અને પ્રતિભાને પ્રદર્શિત કરતા બાળગીતો-સંદેશ ગીતો તથા નાટ્ય દ્વારા ઉપસ્થિત મહેમાનો, વાલીગણને મનોરંજન સાથે તેમની કલાકૃતિથી મંત્રમુગ્ધ કરી દીધા હતા આ ઉત્સવનો વિશેષ ફોકસ શાળા/સંસ્થાની શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રગતિ પર રાખવામાં આવ્યો હતો. જયારે શાળાની નવીનીકરણ ઈમારતનું ઉદ્‌ઘાટન હાજી શફી લોખંડવાલા પાસે કરાવ્યું હતું. જયારે વિજ્ઞાન પ્રદર્શન સ્ટેમ્પ, ક્વિઝ, કલાઉત્સવ કૌશલ તથા ખેલ મહાકુંભમાં વાર્ષિક શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઈનામોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જયારે જુનિયર કે.જી.થી ધો.૧૨ના એકથી ત્રણ નંબર પ્રાપ્ત કરનાર તેજસ્વી તારલાઓને શિલ્ડ એનાયત કર્યા હતા. ત્યારે સ્વચ્છ વિદ્યાર્થી, ઓનેસ્ટી એવોર્ડ, હેલ્પીંગ હેન્ડ એવોર્ડ, બેસ્ટ અટેન્ડન્સ એવોર્ડ તથા ૨૦૨૪–૨૫ શાળાના બેસ્ટ ટીચર એવોર્ડમાં એમડીઆઈ પ્રાથમિક શાળાના શિક્ષિકા કુ.બારીયા પારૂલબેન તથા ખત્રી વિદ્યાલયમાંથી શિક્ષિકા શ્રીમતી સીમાબેન તુરાબને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળામાંથી વિદાય થતાં ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ શાળાને પંખા તથા સ્પીકર ભેટ આપ્યું હતું. જયારે ઉપસ્થિત મહેમાન શફીભાઈ લોખંડવાલાએ પોતાના પ્રવચનમાં શિક્ષણ, ટેક્નોલોજી અને વ્યવસાયિક ક્ષેત્રમાં પ્રગતિ કરી સૃષ્ટિના દરેક માનવ સમાજ પ્રત્યે પ્રેમ, આદર, લાગણી દર્શાવી ખરા અર્થમાં માનવી થવા માટે આહ્‌વાન કર્યું હતું. અંતે એમડીઆઈ પ્રાથમિક શાળાના આચાર્ય શ્રીમતી શહેનાઝબેન પઠાન દ્વારા આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

### બેડવા બસ સ્ટેન્ડ નજીક લાઈટ ચાલુ બંધ કરવા બાબતે એમજીવીસીએલના કર્મચારી પર હુમલો

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૬

આણંદ તાલુકાના બેડવા ગામના બસ સ્ટેન્ડ પાસે આવેલા સંતોષી માતાના મંદિર સામે લાઈટો ચાલુ બંધ કરવા બાબતે એમજીવીસીએલના કર્મચારી ઉપર ત્રણ ઈસમોએ હુમલો કરી માર મારી તેમજ ઓપરેટીંગ રોડથી ઈજા કરી મોબાઈલ તોડી નાંખ્યાનો બનાવ બનવા પામ્યો છે. આ અંગે ખંભોળજ પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મોગર ગામે રહેતાં હાર્દિકસિંહ કિરીટસિંહ મહિડા એમજીવીસીએલમાં ઈલેટ્રીક સર્વીસમેન તરીકે બેડવા ખાતે નોકરી કરે છે. બુધવારે બેડવા ગામના વાયરમેનનો ફોન આવ્યો હતો કે, નવજીવન જેજીવાય ફીડર ફોલ્ટમાં છે. જેથી બેડવા તરફ જતી લાઈટોની સ્વીચો બંધ કરો ફીડરનો ટ્રાયલ લઈ શકાય તેથી હાર્દિકસિંહે સ્વીચો બંધ કરી હતી ત્યાર બાદ ફિડરનો ટ્રાયલ લેતા બંધ હોવાથી ૧૧કેવી લોકેશન બેડવા સંતોષી માતાના મંદિર પાસે પોતાનું બાઈક લઈને ગયાં હતાં.તે સમયે રણજીતભાઈ રઈજીભાઈ ખાંટ, ભરતભાઈ રાવજીભાઈ પરમાર અને ભોલો જગદીશભાઈ પરમાર ત્યાં આવી ચડ્યા હતાં અને હાર્દિકસિંહને તમે લાઈટો ચાલુ બંધ કેમ કરો છો અમારૂં ડીજે બળી જાય છે. તેમ કહી ઝઘડો કર્યો હતો અને ગાળો બોલી હાર્દિકસિંહના બાઈકની ચાવી લઈ લીધી હતી અને બાઈકમાં રાખેલો ઓપરેટિંગ રોડ કાઢીને બરડામાં મારી ઈજાઓ કરી તેમજ મોબાઈલ ફોન તોડી નાંખી નુકશાન પહોંચાડ્યું હતું. આ બનાવ અંગે હાર્દિકસિંહ કિરીટસિંહ મહિડાએ ખંભોળજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે રણજીતભાઈ રઈજીભાઈ ખાંટ સહિત ત્રણ વિરૂદ્ધ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સિક્કા ગામે કુટુંબી ભાણેજની હત્યા કરનાર મામાને એસપી સમક્ષ રજૂ કરાયો

જામનગર, તા.૧૬

જામનગર તાલુકાના સિક્કા ગામમાં આઠ વર્ષની બાળકીને તેના જ કુટંબી મામાએ શારીરિક આડપલાં કર્યા પછી તેણીનું માથું પછાડી હત્યા નિપજાવી હતી જે આરોપીને પોલીસે ઝડપી લીધો છે. અને જિલ્લા પોલીસ વડા સમક્ષ હાજર કરાયો હતો. મૂળ મીઠાપુરની વતની અને હાલ સિક્કા ગામમા રહેતી પરણીતાની આઠ વર્ષની બાળકીને તેનો કુટંબી મામો નીતિન માણેક હેરાન પરેશ કરતો હતો. અને અવારનવાર મારકુટ કરતો હતો.

બે દિવસ પહેલા સિક્કા ગામમા માતા ખરીદી માટે ગઇ હતી, દરમિયાન તેની આઠ વર્ષની પુત્રીને નરાધમ મામા નીતિને શારીરિક અડપલા કર્યા બાદ માર મારી દિવાલ સાથે અને જમીનમાં માથું પછાડી ને તેની હત્યા કરી હતી.આ બનાવ આગે મૃતક બાળકીની માતાએ સિક્કા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને ઝડપી લીધો હતો. અને જિલ્લા પોલીસ વડા સમક્ષ હાજર કરાયો હતો.

### દિલ્હી-મુંબઈ રેલમાર્ગ પર પશ્ચિમ એક્સપ્રેસ ઊથલાવવાનું ષડયંત્ર ?

# ગોધરા નજીક લાંબો ભંગારનો ઈલેક્ટ્રીક પોલ ટ્રેન સાથે અથડાયો : ઘટનાની તટસ્થ તપાસ કરવા ઉગ્ર માંગ

### ઘટનાના દસ દિવસ બાદ પણ પોલીસના હાથ ખાલી

(સંવાદદાતા દ્વારા) દાહોદ તા.૧૬

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં આવેલા ગોધરા યાર્ડમાં ગત તારીખ ૭મી જાન્યુઆરીના રોજ ટ્રેન નંબર ૧૨૯૨૫ પશ્ચિમ એક્સપ્રેસના એન્જિનમાં ઈલેક્ટ્રીક પોલ ફસાઈ જતા આ પેસેન્જર ટ્રેનને ગમખ્વાર અકસ્માત નડતા બચી જવા પામ્યો છે. જોકે રેલવે તંત્રએ આ સમગ્ર બનાવને ઢાકપીછોડો કરવા માટે માત્ર જાણવાજોગ ફરિયાદ લખી તપાસ હાથ ધરી છે પરંતુ ઘટનાને દસ દિવસ વિત્યા બાદ પણ પોલીસ કોઈ નક્કર તપાસ સુધી પહોંચી શકી નથી.જેના પગલે આખો મામલો પોલીસ દ્વારા રફદફે કરવા માંગે છે કે શું તેવી ચર્ચા ઊઠવા પામી છે. ત્યારે ગોધરા યાર્ડમાં સાબરમતી એક્સપ્રેસ પ્રકરણ બાદ પશ્ચિમ એક્સપ્રેસને ઉથલાવી દેવાનું કાવતરૂં તો નહોતું ને ? તે બાબતે તપાસ માટે ગંભીરતા દાખવવામાં આવે અને તટસ્થ તપાસ હાથ ધરવામાં આવે તેવી સમયની માંગ છે ત્યારે સંબંધીતો દ્વારા આ ફક્ત એક અકસ્માત હોવાનું રટણ કરી રહ્યા છે. એટલું જ નહીં ગોધરા મંડળમાં ભંગાર ચોરીની શક્યતાને ધ્યાને લઈ હાલ જીઆરપી પોલીસ દ્વારા તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. જોકે અતિ ગંભીર એવી બાબત હાલ સુધી કેમ ઢંકાયેલી રહી છે.?તે પણ તપાસનો વિષય છે.પ્રાપ્ત માહિતી અનુસાર પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં આવેલા ગોધરા યાર્ડમાં કિલોમીટર નંબર ૪૭૦/૩૨-૩૪ પાસે બાંદ્રાથી અમૃતસર તરફ જતી ૧૨૯૨૫ પશ્ચિમ એક્સપ્રેસ અત્રેથી પસાર થઈ રહી હતી તે સમયે એન્જિનના ડાબા પૈડામાં લોખંડનો પોલ ફસાયો હોવાનું ફૂટ પેટ્રોલિંગમાં નીકળેલી આરપીએફની ટીમને જાણ થતા તે ઘટના સ્થળે પહોંચી હતી અને ગોધરા એડવાન્સ સિગ્નલ પાસે ડાઉન ટ્રેક પર ચાર પાંચ મીટરનો



ઈલેક્ટ્રીક પોલ મધ્યમાં મુક્યો હોવાનું સામે આવ્યું હતું જે પોલ એન્જિનના ડાબા પૈડામાં ફસાઈ ગયો હોવાનું જોવા મળ્યો હતો. જેના પગલે રેલવે તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી અને તાબડતોડ રેલવે સત્તાધીશો ઘટના સ્થળે પહોંચ્યા હતા અને મેન્ટેનન્સ ટીમે ગાર્ડ અને રેલવે અધિકારીઓની હાજરીમાં એન્જિનમાં ફસાયેલા ઈલેક્ટ્રીક પોલને બહાર કાઢવામાં આવ્યો હતો. આ દરમિયાન પશ્ચિમ એક્સપ્રેસ ૨૦ મિનિટ મોડી પડી હતી. જે અંગે આરપીએફ દ્વારા સંબંધિત વિભાગને જાણ કરવામાં આવી હતી. ગોધરા જીઆરપી પોલીસ દ્વારા સ્ટેશન ડાયરીમાં નોંધ કરી આ મામલે જાણવાજોગ દાખલ કરી તપાસ હાથ ધરવામાં આવી હતી.આ અંગે ગોધરાના GRP પોલીસ સ્ટેશનના PIએ જણાવ્યું હતું કે, ગોધરા યાર્ડમાં પશ્ચિમ એક્સપ્રેસના બનાવ સંદર્ભે આઠ તારીખે અમે જાણવાજોગ ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે જેમાં રેલવે ટ્રેકના સાઈડમાં એલાઈમેન્ટમાં ઈલેક્ટ્રીક પોલ પડ્યો હતો જેનો એક છેડો પશ્ચિમ એક્સપ્રેસના એન્જિન સાથે અથડાતા આ ઘટના બની હોવાનું પ્રારંભિક તપાસમાં આવ્યું છે. આ વિસ્તારમાં ભંગાર ચોરો દ્વારા ભંગાર ચોરીના પ્રયાસો પણ કરવામાં આવે છે તે ઈના આધારે હાલ તપાસ ચાલુ છે.પ્રથમ દૃષ્ટિએ ભંગાર ચોરો દ્વારા ઈલેક્ટ્રિક પોલ ચોરીને લઈ જતા હશે.તે સમય કોઈ જોઈ જતા ઈલેક્ટ્રીક પોલ ફેકીને જતા રહ્યા હશે. તેવું હાલ લાગી રહ્યું છે. હાલમાં તપાસ ચાલુ છે.

### સિક્કાની જેટી પર માછીમારી બોટ રાખવાના પ્રશ્ને માછીમારો વચ્ચે તકરાર

### એક યુવાન પર ત્રણ શખ્સોનો હુમલો

જામનગર, તા.૧૬

જામનગર નજીક સિક્કામાં જેટી નજીક માછીમારી બોટ રાખવાના પ્રશ્ને અન્ય ૩ માછીમારો વચ્ચે તકરાર થઈ હતી અને એક માછીમારી યુવાન પર અન્ય ત્રણ શખ્સોએ પ્લાસ્ટિકના પાઈપ વડે હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે સિક્કામાં નાજ સિનેમા પાસે રહેતા જુનસ જુસભભાઈ ભગાડ નામના ૫૦વર્ષના માછીમાર આધેડ કે જેણે પોલીસ ફરિયાદમાં જાહેર કર્યું છે કે પોતાના ઉપર રજાક બારોયા, જાકુબ બારોયા અને અપ્સર બારોયા એ પ્લાસ્ટિકના પાઈપ વડે હુમલો કરી ઈજા પહોંચાડી છે.

પોતે જેટી પાસે પોતાની માછીમારી બોટ રાખી હતી, દરમિયાન ઉપરોક્ત આરોપીઓએ તેની બોટ હટાવીને પોતાની બોટ ત્યાં રાખી દેતાં ત્રણેયને પોતાની બોટ અંગે કહેવા જતાં ત્રણેય આરોપીઓ ઉશ્કેરાયા હતા, અને આ હુમલો કરી દીધાનું પોલીસમાં જાહેર થયું છે.

### વારંવાર ઉભરાતા ગટરના ગંદા પાણીથી રહીશો ત્રાહિમામ્

# ડીસાના વોર્ડ નં.૯નો બડાપુરા વિસ્તાર ભૂગર્ભ ગટરોથી વચિત

ડીસા, તા.૧૬

ડીસા નગરપાલિકા દ્વારા સમગ્ર ડીસામાં ભૂગર્ભ ગટરો બનાવેલ છે ત્યારે એક માત્ર વોર્ડ ૯માં આવેલ બડા પૂરા વિસ્તારને ભૂગર્ભ ગટરોથી વંચીત રાખતા સ્થાનિક નગર જનો એ નગરપલિકા સામે વિરોધ કરી રોષ વ્યક્ત કર્યો હતો મળતી માહિતી મુજબ ડીસામાં છેલ્લા પાંચ વર્ષમાં દરેક વોર્ડમાં ભૂગર્ભ ગટરો નાખેલ છે જ્યારે વોર્ડ ૯માં આવેલ બડા પૂરા વિસ્તાર લઘુમતી વિસ્તાર હોવાથી નગરપાલિકા દ્વારા ભૂગર્ભ ન નાખતા સ્થાનિક નગરજનોએ વિરોધ વ્યક્ત કર્યો હતો આ અંગે સ્થાનિક રેહવાસી મુજીબ ભાઈ સોલંકી એ જણાવ્યું કે આ અંગે સ્થાનિક કોર્પોરેટર તથા



નગરપાલિકામાં મોખીક જાણ કરેલ પરંતુ થઈ જશે તેવા આશ્વાસનો આપે છે ત્યારે નવીન બનેલ પ્રમુખ નીતા બેન ઠકકર બડા પૂરા વિસ્તારની મુલાકાત લઈ તાત્કાલિક ભૂગર્ભ ગટરો બનાવી છેલ્લા પાંચ વર્ષથી લોકોને પડતી તકલીફ દૂર કરે તેવી માંગ છે જ્યારે આ અંગેસ્થાનિક રહીશ સદ્દામ ભાઈ સોલંકી એ જણાવ્યું કે જ્યારે જ્યારે ચૂંટણી આવે છે ત્યારે સ્થાનિક કોર્પોરેટરો વચન આપીને જાય છે પરંતુ હજુ સુધી કોઈ કામ ન થતાં બડા પૂરા વિસ્તારમાં રહીશોમાં રોષ જોવા મળી રહ્યા છે ત્યારે નવીન ઉત્સાહી બનેલ પ્રમુખ નીતાબેન ઠકકર તાત્કાલિક ભૂગર્ભ ગટરો બનાવી આપે તેવી માંગ છે જ્યારે આ અંગે સ્થાનિક રહીશ અયાઝ ભાઈ શેખે જણાવ્યું કે નગરપાલિકા દ્વારા ઘર વેરા સફાઈ વેરા વસૂલ કરવામાં આવે છે પરંતુ પૂરતી સુવિધા ન આપતા નગર પાલિકા સામે રોષ જોવા મળી રહ્યો છે.

# ભાવનગરમાં મકાન પાસે ગાળો બોલવા જેવી નજીવી બાબતે યુવાનની નિર્મમ હત્યા

ભાવનગર,તા.૧૬

ભાવનગર ગત રાત્રીના સુમારે ભાવનગર શહેરના પથિકાશ્રમ સામે પોતાના મકાન પાસે ગાળો બોલવા બાબતે ત્રણ શખ્સોએ એકસંપ કરી તલવાર, છરી જેવા ઘાતક હથિયારો વડે હુમલો કરતા એક યુવાનને ગંભીર ઈજા પહોંચતા તેનું કમકમાટીભર્યું મોત નીપજયું હતું. આ મારામારીનો બનાવ હત્યામાં પરિણામ્યો હતો. આ મારામારીમાં વચ્ચે છોડાવવા જતા એક યુવાનને હાથ ઉપર ઈજા પણ થઈ હતી, મકાન પાસે ગાળો બોલતા પિતાને જાણ કરવા છતાં તેની દાઝ રાખી ઉકત ત્રણ શખ્સોએ જીવલેણ હુમલો કર્યાનું જાણ થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહીતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગરના કાજીવાડ લોહાણા જ્ઞાતિની સામે રહેતા ખાલીદખાન રજાકખાન પઠાણના ભાણેજ આમીરખાનનાં ઘર પાસે અરમાન ઉર્ફે ભોલુ સલીમભાઈ લાખાણી મેમણ (રહે. શીશુવિહાર) અવારનવાર ગાળો બોલતો હોય ગઈકાલે રાત્રે પણ અરમાન ઉર્ફે ભોલુ આમીરખાનનાં ઘર પાસે, પથિકાશ્રમ સામે ગાળો બોલતા હોય તેના ભાણેજ આમીરખાનને ફોન કરી વાત કરી હતી આથી ખાલીદખાન પઠાણ અને તેના સંબંધી સાહીલ રાજા તથા મિત્ર



મુસ્તુફા ઉર્ફે કાળુભાઈ કાસીમભાઈ વોરાજી કાચવાલા અરમાનના પિતા સલીમભાઈ લાખાણીની દુકાને ગયા હતા અને તેમનો દીકરો અવારનવાર ગાળો બોલતો હોય તેનો સમજાવવા માટે જણાવ્યું હતું ત્યાર બાદ તેઓ પથિકાશ્રમ પાસે આવેલ અજવા ચાઈનીજ પોઈન્ટવાળા ખાંચામાં ઉભા હતા તે દરમ્યાન એકસેસ સ્કૂટર ઉપર અરમાન ઉર્ફે ભોલુ સલીમભાઈ લાખાણી (રહે. શીશુવિહાર), રહેમાન ઉર્ફે દીલીપભાઈ ઈરફાનભાઈ ફરિયાણી (રહે. બાપેસરાકુવા) અને અમાનનો કારીગર આફતાબ તલવાર અને છરી લઈ આવ્યા હતા અને તમે મારા પિતાને કેમ ફરિયાદ કરી તેમ કહી ગાળો આપતા તેને ગાળો આપવાની ના કહેતા ઉશ્કેરાઈ ગયેલા શખ્સોએ ખાલીદખાનના મિત્ર મુસ્તુફા ઉર્ફે કાળુભાઈ કાચવાલા (ઉ.વ. આ. ૪૪) ઉપર તલવાર અને છરી વડે હુમલો કરતા મુસ્તુફાભાઈ ગંભીર ઈજા પહોચી હતી તે દરમ્યાન ખાલીદખાન વચ્ચે પડતા આફતાબે છરી વડે આંગળીના ભાગે ઈજા પહોંચાડી હતી. લોકો ભેગા થઈ જતા આ ત્રણેય આરોપીઓ ઘટના સ્થળેથી નાસી છુટયા હતા. આ ઘટનામાં ઈજાગ્રસ્ત મુસ્તુફાભાઈ કાચવાલાને સારવાર અર્થે સર.ટી. હોસ્પિટલ ભાવનગરમાં ખસેડવામાં આવતા તેમનું મોત નીપજયું હતું. આ બનાવ અંગે ખાલીદખાન રજાકખાન પઠાણે ઉપરોકત ત્રણેય આરોપીઓ સામે ગંગાજળીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય આરોપીઓ સામે હત્યા સહિતનો ગુનો નોંધ્યો હતો અને આરોપીને પકડવા તજવીજ હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ બનાવમાં હત્યામાં સંડોવાયેલો આરોપી અરમાન ઉર્ફે ભોલુએ આ અગાઉ પથિકાશ્રમ સામે જ આાવેલ જાકાફળીમાં યુનુસભાઈ મોદી મેમણ નામના યુવાનની હત્યા કરી હતી. ગઈકાલે રાત્રે પણ પથિકાશ્રમ પાસે જ ભોલુએ બીજી હત્યા કરી હતી. આમ એક જ આરોપીએ એક જ ઘટના સ્થળે બે હત્યા કરી હોવાનું પણ જાણવા મળ્યું છે.

### કપડવંજના મલકાણા ગામ નજીક

# ટ્રકચાલકની હત્યા કરી રૂા.૨.૮ લાખના પંખા લૂંટી લૂંટારૂઓ ફરાર

નડિયાદ, તા.૧૬

કપડવંજના મોડાસા લાડવેલ રોડ પર આવેલ મલકાણા ગામ પાસેની હોટલ પર બંધ બોડીની કન્ટેનર ટ્રક લઈ રોકાયેલ ચાલકની હત્યા કરી લૂંટારૂઓ અંદર ભરેલ રૂપિયા ૨.૮૫ લાખની કિંમતના સીલીંગ ફેન લૂંટી ફરાર જવાનો બનાવ ઉજાગર થતા જિલ્લા ભરની પોલીસ દોડતી થઈ છે. મળતી માહિતી મુજબ દિલ્હીથી બંધ બોડીની કન્ટેનર ટ્રકમાં સીલીંગ ફેનનો જથ્થો ભરી ચાલક દેવેન્દ્રસિંહ નિરંજનસિંહ (રહે દિલ્હી )મુંબઈ ડિલિવરી કરવા માટે નીકળ્યો હતો કન્ટેનર ટ્રક ગઈકાલે વહેલી સવારના મોડાસા લાડવેલ રોડ પર આવેલ મલકાણા ગામ પાસે પહોંચતા ચાલક ત્યાં આવેલી એક હોટલ પર ગયો હતો.આ સમયે ત્યાં કોઈ વાહન લઈ ને લૂંટારૂ ગેંગ ઘસી આવી હતી અને લૂંટારૂ ગેંગે કન્ટેનર ચાલક દેવેન્દ્રસિંહ એ બંધક બનાવ્યો હતો આ દરમિયાન પ્રતિકાર કરનાર ટ્રક ચાલક દેવેન્દ્રસિંહની લૂંટારૂ ગેંગે હત્યા કરી નાખી હતી બાદ લૂંટરૂ ગેંગ બંધ બોડીની કન્ટેનર ટ્રકની પાછળના ભાગે ભરેલ અંદાજિત રૂપિયા૨.૮૫ લાખની કિંમતના સીલીંગ ફેનની લૂંટ કરી સાથે લાવેલ વાહનમાં ભરી ફરાર થઈ ગઈ હતી. દરમિયાન આ ચકચારી લૂંટ વિથ મર્ડરના બનાવની જાણના પગલે જિલ્લા પોલીસ દોડતી થઈ હતી. કપડવંજ ગ્રામ્ય પોલીસ મથકે આ અંગે લૂંટ વિથ મર્ડરનો ગુનો નોંધી પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

### વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચોથા વર્ગના કર્મીઓ અચોક્કસ મુદતની હડતાળે

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૧૬

વડોદરાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચોથા વર્ગના કર્મચારીઓ આજે અનિશ્ચિત હડતાલ પર ઉતર્યા છે. છેલ્લા ઘણા સમયથી તેમની પડતર માંગોને લઈને અનેક રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ કોઈ નિશ્ચિત સમાધાન ન આવતા હવે કર્મચારીઓએ હડતાલનો માર્ગ અપનાવ્યો છે. આ હડતાલમાં નિવૃત્ત થયેલા કેટલાક કર્મચારીઓ પણ જોડાયા છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં ચોથા વર્ગના કર્મચારીઓ, જેમકે પટાવાળા, સિક્યોરિટી, સફાઈ સેવક, કમઠાણ બાઈ, તેડાગર કર્મી અને ટપાલવાળા સહિતના કર્મચારીઓ કામ કરે છે. વર્ષ ૧૯૯૨માં મંજુર થયેલ મહેકમ મુજબ અહીં ૫૬૨ કર્મચારીઓની જગ્યા મંજુર છે, પણ હાલમાં માત્ર ૧૫૦ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. તેમનામાંથી બે કર્મચારીઓના અવસાન થયા છે અને બાકીના કર્મચારીઓ થોડા સમયમાં નિવૃત્ત થવાના છે.

થોડા દિવસ અગાઉ સમિતિની બેઠક યોજાઈ હતી, જેમાં ચોથા વર્ગના કર્મચારીઓના અધ્યક્ષને બોલાવવામાં આવ્યા હતા, પરંતુ તેમને બેઠકમાં બેસાડવામાં ન આવ્યા હોવાનું આરોપ છે. સમગ્ર મામલે શાસનાધિકારી શ્વેતા પારગીનએ જણાવ્યું કે, ડેપ્યુટી કમિશનર સાથે ચર્ચા થઈ છે. કાયદાકીય માર્ગદર્શન લઈને આગળના પગલા લેવામાં આવશે. બેઠકમાં ચોથા વર્ગના કર્મીઓને ન બોલાવવામાં મામલે પર્ગીએ જણાવ્યું કે ડેપ્યુટી કમિશનર અગત્યના કામમાં વ્યસ્ત હોવાથી એ શક્ય બન્યું નહીં. હાલ કર્મચારીઓને સમજાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

**ધાર્મિક કાર્યક્રમ**

### વડોદરા : હઝરત સૈયદ જાફર શહીદ બાવાના ઉર્સની આજે ઉજવણી

સૈયદ જાફર શહીદ કબ્રસ્તાનના ટ્રસ્ટી સૈયદ અમીન એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે વડોદરાની મધ્યમાં પાણીગેટ, રાજા-રાણી તળાવના કિનારે આવેલ (ઐતિહાસીક) શાહી કબ્રસ્તાન કે જે હઝરત જાફર શહીદ (ર.અ.) બાવા સાહેબના નામથી ઓળખાય છે. હઝરત સૈયદ જાફર શહીદ બાવાનો ઉર્સ મુબારક તા.૧૭/૦૧/૨૦૨૫ (શુક્રવાર)ના રોજ હોવાથી સંદલ સાંજે ૫-૩૦ કલાકે પાણીગેટ, બાવામાનપુરા, હજીરા પાસેથી નીકળી સૈયદ જાફર શહીદ બાવાના મઝાર શરીફ પર પહોંચશે. સંદલ બાદ નમાઝે મગરીબ સમય ૭-૩૦ કલાકે સાંજે (જાનશીને મોઈને મિલ્લત) હઝરત મૌલાના કારી સૈયદ અમીરૂદ્દીન સયફુલ્લાહ બાબા સાહબ તથા (શેહઝાદ-એ-મોઈને મિલ્લત) હઝરત સૈયદ કબીરૂદ્દીન ગૌપુલ્લાહ બાબા સાહબ ઉર્ફે જુમ્મા મસ્જીદવાળા પીર બાબાના હસ્તે સંદલ, ચાદર અને ગુલપોશી વિધિ બાદ સલાતો સલામ સાથે દુઆ ગુજારવામાં આવશે.

**કાર્યક્રમ**

### વડોદરા : મુસ્લિમ સોશિયલ ગ્રુપ દ્વારા ૧૯મીએ સમૂહલગ્નનું આયોજન

વડોદરા શહેરની સામાજિક સંસ્થા મુસ્લિમ સોશિયલ ગ્રુપ ગત વર્ષમાં ૨૫ વર્ષ પૂર્ણ કરી (સિલ્વર જ્યુબેલી) વર્ષ દરમિયાન ગરીબ, અનાથ, જરૂરતમંદ નવ યુગલોનું સમૂહ લગ્ન (નિકાહ) તા. ૧૯/૦૧/૨૦૨૫ (રવિવાર)ના રોજ સમય સવારે ૧૦-૦૦ કલાકે, મીમ સીટી, કુંઢેલા, ડભોઈ રોડ ખાતે મહાનુભવોની ઉપસ્થિતિમાં રાખવામાં આવ્યો છે તેમ સંસ્થાના મંત્રી સૈયદ અમીન એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### દાહોદના સાંગા ફળિયામાં ૫૮થી વધુ મિલકતધારકોને નોટિસ

દાહોદ, તા.૧૬

દાહોદમાં બહુચર્ચિત નકલી NA પ્રકરણ સામે આવ્યા બાદ અત્યારે તંત્ર દ્વારા જમીન કૌભાંડમાં હકીકતલક્ષી અહેવાલ મેળવવા માટે રિઝર્વની કામગીરી ચાલી રહી છે દરમિયાન એજ્યુકેટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર દાહોદએ કોર્ટ દ્વારા સાંગા ફળિયામાં સરકારી જમીનમાં કરવામાં આવેલા પાકા બાંધકામો ૧૫ દિનમાં દૂર કરવા માટે ૫૮થી વધુ મિલકત ધારકોને નોટિસો ફટકારવામાં આવી છે. જેના પગલે સાંગા ફળિયામાં મિલકતો વેચાતી લેનાર મિલકત ધારકોના પુનઃએક વખત જીવ પડીકે બંધાઈ ગયા છે. આ કેસમાં આગામી ૧૫ દિવસમાં સ્વખર્ચે પોતાનો દબાણ દૂર કરવાનું જણાવવામાં આવતા પુનઃ એકવાર વેપારી આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

### હાથજ ખાતે ખિદમત ગ્રુપ દ્વારા ખત્ના કેમ્પ યોજાયો

નડિયાદ, તા.૧૬

ખેડા જિલ્લાના હાથજ તાબાના સંદલીપુરા મદ્રેસા ખાતે ખિદમત ગ્રુપ હાથજ ધ્વારા ખત્ના કેમ્પ યોજાયો હતો. અતિથિ વિશેષ તરીકે ખેડા જિલ્લા સિનીયર સિટીઝન ફોરમના પ્રમુખ હાજી હફીજોદ્દીન કાદરી સાથે પીરે તરીકત નઈમુદ્દીન બાપુ ગાદીનસીન ખાનકાહે કાદરીયા સંદલીપુરા(હાથજ), પેશ ઈમામ જામા મસ્જિદ, હાથજ હસન રઝા, ખિદમત ગ્રુપ હાથજના પ્રમુખ હાજી મજીદખાન પઠાણ (નિવૃત પી.એસ.આઈ.) ચેરમેન મહીયોદ્દીનખાન પઠાણ (નિવૃત પી.એસ.આઈ.) તેમજ માજી સરપંચ અમરસિંહ ઝાલા ડેપ્યુટી સરપંચ ઈકબાલ ખાન પઠાણ અને વીણા ગામના સરપંચ સફીખાન વગેરે હાજર રહ્યા હતા.

### વડોદરા ગ્રામ્યના કોટડા ગામ પાસે મહી નદીમાંથી રેતી ઉલેચતી ત્રણ બોટ જપ્ત

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૧૬

મહી નદીમાંથી અનધિકૃત રીતે રેતી કાઢવાની પ્રવૃત્તિ પર વડોદરા ગ્રામ્ય પ્રાંત અને પોલીસ દ્વારા પાડવામાં આવેલા દરોડામાં ત્રણ બોટ જપ્ત કરવામાં આવી છે. ખનીજ માફિયા સામે કડક કાર્યવાહી કરવા માટે કલેક્ટર બિજલ શાહે સૂચના આપી છે. તેના અનુસંધાને વડોદરા ગ્રામ્યમાં આવેલા કોટડા ગામ પાસેથી પસાર થતી મહી નદીમાં કેટલાક લોકો ગેરકાયદે રેતી કાઢતા હોવાની માહિતી મળતા વડોદરા ગ્રામ્ય પ્રાંત અધિકારી રાજેશ ચૌહાણ ઉપરાંત મામલતદાર અને પોલીસની ટીમ ત્યાં દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન કોઈ પાસ પરમિટ વિના મહી નદીમાંથી રેતી કાઢતી ત્રણ બોટ ઝડપાઈ જતા તેને જપ્ત કરીને પોલીસને સોંપવામાં આવી હતી. તેની સાથે એક ડમ્પર અને એક સો ટન જેટલી રેતીનો જથ્થો પણ મળી આવ્યો હતો. જેને ખાણ ખનીજ વિભાગને સોંપવામાં આવ્યો છે. આ તમામની કિંમત અંદાજે રૂા. પાંચેક લાખની થવા જાય છે.

### યાકુતપુરા અજબડી મિલ કબાડી માર્કેટમાં રખાયેલા વાહનોમાં આગ, ૧૨ કાર બળીને ખાખ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરા શહેરના પાણીગેટના અજબડી મિલ વિસ્તારમાં મોટી સંખ્યામાં કબાડી માર્કેટ છે. જેમાં એક કબાડી માર્કેટમાં અચાનક આગ ભભૂકી ઉઠતા દોડધામ મચી ગઈ હતી. બનાવની જાણ કરવામાં આવતા જ પાણીગેટ ફાયર સ્ટેશનના ફાયર જવાનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જોકે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આશરે ૧૦ જેટલી ગાડીઓ સળગીને ખાખ થઈ ગઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ બે ફાયર ગાડીઓની મદદથી પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો સદ્‌નસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. જોકે મોટું નુકસાન થયું હોવાનું અનુમાન લગાવાયું છે. વડોદરા શહેરની અજબડી મિલમાં રાખવામાં આવેલા વાહનોમાં આગ લાગતાં ૧૨ જેટલી કાર બળીને ખાખ થઈ ગઈ હતી. જો કે ફાયર બ્રિગેડ દ્વારા ૧૦ જેટલી ગાડીઓને બચાવી લેવામાં આવી હતી. આગ લાગવાનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી.

### ગીર સોમનાથના દ્રોણેશ્વરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે નૂતન કન્યા છાત્રાલયનું ખાતમુહૂર્ત

પ્રભાસપાટણ, તા.૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એસ.જી.વી.પી.ના સંત માધવપ્રિયદાસ સ્વામી તથા મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં અત્યાધુનિક સુવિધાઓ સાથેના કન્યા છાત્રાલયનું આજે ખાતમુહૂર્ત કર્યું હતું. ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના નયનરમ્ય સ્થળ દ્રોણેશ્વરમાં સંસ્કૃતિ, સંસ્કાર, સદ્‌વિદ્યાના ત્રિવેણી સંગમ એવા એસ.જી.વી.પી., ગુરુકુળ ખાતે ગુરૂકૂળની વિદ્યાર્થીનીઓની બેન્ડની સૂરાવલીઓ વચ્ચે આ ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંસ્કારયુક્ત શિક્ષણના પાયા સમાન નૂતન કન્યા છાત્રાલયના ખાતમુહૂર્ત અવસરે જણાવ્યું હતું કે, દરેક સમસ્યાનું સમાધાન જ્ઞાન છે. જીવન વ્યવહારના તમામ પ્રશ્નોનો ઉકેલ શિક્ષણ દ્વારા આવી શકે છે, ત્યારે સ્વામિનારાયણ ગુરૂકુળ દ્વારા ગીર ગઢડાના અંતરિયાળ વિસ્તારમાં દીકરીઓ માટેનું છાત્રાલય બનાવવા માટેનું કદમ નવા અધ્યાયની શરૂઆત સમાન છે. આ ગુરૂકુળ દ્વારા આ છેવાડાના વિસ્તારમાં ૫૧ ગામના ૧૦ હજાર દીકરાઓને શિક્ષણ આપવામાં આવે છે, તે સાથે હવે ગુરૂકુળ પરંપરાને આગળ ધપાવતા દીકરીઓને પણ ઉત્તમ પ્રકારનું શિક્ષણ છાત્રાવાસ સાથે અહીં ઉપલબ્ધ થવાનું છે તે આપણા સૌ માટે ગૌરવની વાત છે તેમ તેમણે હર્ષભેર જણાવ્યું હતું.

